# ભારતીય જનતા પક્ષ

(કેન્દ્રીય કાર્યાલય)

11, અશોક રોડ, નવી દિલ્હી – 110001

ફોનઃ 23005700, ફેક્સઃ 23005787

## <u>ભાજપના પ્રમુખ શ્રી રાજનાથ સિંહનું પ્રેસ વક્તવ્ય</u>

## ભાજપનું આગામી 27મી મેથી બીજી જૂન દરમિયાન દેશવ્યાપી આંદોલન અને જનજાગૃતિ અભિયાન

યુપીએ સરકાર મસમોટા કૌભાંડો માટે કુખ્યાત બની ગઈ છે. રૂ.55,000 અબજના કૌભાંડો સાથે યુપીએ સરકાર આઝાદ ભારતના ઈતિહાસમાં સૌથી ભ્રષ્ટ સરકાર બની છે. સરકારના અવિરત ભ્રષ્ટાચારને લીધે આપણા દેશનું સમગ્ર વહિવટીતંત્ર જોખમમાં મુકાયું છે. બદનસીબે યુપીએ સરકાર કોઈ વિકલ્પ ન હોય એવા સંજોગોમાં છેક છેલ્લી ઘડી સુધી જેમના પર ભ્રષ્ટાચારનો આરોપ હોય એવા લોકોને છાવરી રહી છે.

તાજેતરમાં ભ્રષ્ટાચાર અને આવક કરતા વધુ સંપત્તિ જમા કરવાના કેસમાં બે કેન્દ્રીય પ્રધાનોએ રાજીનામા આપ્યા. વડા પ્રધાને આ કલંકિત પ્રધાનોને વિના વિલંબે પાણીચું આપ્યું, તેનું કારણ સંસદના બજેટ-સત્રને બચાવી લેવાનું છે. અનાજ સુરક્ષા ખરડો અને જમીન સંપાદન ખરડો જેવા અનેક મહત્ત્વના ખરડા ચર્ચા માટે પેન્ડિંગ છે. તે ખરડાને

સંસદમાં બહાલી મળી શકત, પરંતુ યુપીએ સરકારે તે તકને વેડફી નાખી.

વડા પ્રધાન ડૉ. મનમોહનસિંહે જે રીતે રેલવે પ્રધાનનો બચાવ કર્યો તેનાથી જનતામાં અનેક પ્રશ્નો ઉપસ્થિત થયા છે. વડા પ્રધાન જાણતા હતા કે રેલવે પ્રધાને રાજીનામું આપવું પડશે, તેમછતાં તેમને છાવરવામાં આવ્યા. કોંગ્રેસને લગભગ 17 વર્ષ પછી રેલવે મંતાલય હાથમાં આવ્યું છે. રેલવે મુસાફરી ભાડાંમાં વધારો કરવા સિવાય સૌપ્રથમવાર રેલવે મંત્રાલયમાં ટોચના અધિકારીઓની નિમણૂકમાં ભ્રષ્ટાચારનું કૌભાંડ બહાર આવ્યું છે.

**<u>સમગ્ર સિસ્ટમ જોખમમાં</u>**

સર્વોચ્ચ અદાલતે સીબીઆઈને સરકારનો પાંજરે પુરાયેલો પોપટ ગણાવ્યો તે મુદ્દે ભાજપ જનતાનું ધ્યાન ખેંચવા ઈચ્છે છે. સીબીઆઈએ તપાસ અહેવાલ કાયદા પ્રધાન, વડા પ્રધાન કચેરી અને અન્ય અધિકારીઓને જણાવવો પડે છે. સુપ્રીમ કોર્ટમાં રજૂ કરાયેલા અહેવાલમાં કોલસા બ્લોક ફાળવણી કૌભાંડમાં અશ્વિન કુમાર અને અન્ય અધિકારીઓ ચેડાં કરી શકે છે. યુપીએ સરકારે કાયદાકીય પ્રક્રિયાની ગાડી પાટા પરથી ખડી જાય એવો વ્યૂહ તેમાં છે. સરકારે એ સમજવું જોઈએ કે ન્યાયતંત્ર આપણી લોકશાહી સિસ્ટમનો સૌથી મહત્ત્વનો ભાગ છે.

સર્વોચ્ચ અદાલતના અભિપ્રાયોથી કાયદા પ્રધાન જ નહિ બલકે વડા પ્રધાન પણ કફોડી હાલતમાં મુકાઈ ગયા છે. કાયદા પ્રધાન અને અન્ય અધિકારીઓએ વડા પ્રધાનને બચાવી લેવા કોલસા કૌભાંડની તપાસના

અહેવાલનું હાર્દ બદલી નાખ્યું. જો કે શ્રી અશ્વિનીકુમારના રાજીનામા બાદ સરકારના સમગ્ર વલણનો પર્દાફાશ થયો.

ભાજપ માને છે કે વડા પ્રધાન પ્રત્યેથી ધ્યાન અન્યત્ર વાળવા શ્રી અશ્વિનીકુમાર અને શ્રી પવન બંસલને બલિના બકરા બનાવવામાં આવ્યા છે.

કોલસા કૌભાંડમાં સીબીઆઈનો અહેવાલ વડા પ્રધાન કચેરીના અધિકારીની હાજરીમાં કાયદા પ્રધાને શા માટે ફેરવી નાખ્યો...

શું એ પ્રયાસ અગાઉ કોલસા ખાતું સંભાળી ચૂકેલા વડા પ્રધાનને બચાલી લેવા કરાયો હતો...

ટુ-જી સ્પેક્ટ્રમ કૌભાંડમાં એ. રાજાને સંયુક્ત સંસદીય સમિતિ સમક્ષ ઉપસ્થિત થવા કેમ દેવાયા ન હતા....

વડા પ્રધાને પોતે સંયુક્ત સંસદીય સમિતિ સમક્ષ ઉપસ્થિત થવા તૈયાર હોવાનું કહીને હવે શા માટે જુબાની આપતા નથી...

આ બધા સવાલોના સંતોષજનક જવાબ મળતા નથી.

કોંગ્રેસ સરકારમાં ભ્રષ્ટાચારનો આ કંઈ પહેલો પ્રસંગ નથી. અગાઉ સદગત રાજીવ ગાંધી અને સદગત પી.વી.નરસિંહ રાવના શાસનકાળમાં પણ ભ્રષ્ટાચાર થયો હોવાના આક્ષેપો થયા હતા. જો કે તે વખતે પરિસ્થિતિ અલગ હતી, કારણ કે વર્તમાન પરિસ્થિતિમાં સમગ્ર સિસ્ટમ જોખમમાં મુકાઈ છે. ભારતવાસીઓ સમગ્ર સિસ્ટમ પ્રત્યે ઝડપથી વિશ્વાસ ગુમાવી રહ્યા છે. ભાજપ જવાબદાર વિપક્ષ તરીકે માને છે કે ભારતીય લોકશાહીના તમામ સહભાગીઓએ રાજકારણથી ઉપર

ઊઠીને આપણી રાજકીય સિસ્ટમની પ્રતિષ્ઠા પુનઃ સ્થાપિત થાય એવા પ્રયાસો કરવા જોઈએ. વડા પ્રધાન ડૉ.મનમોહનસિંહે સમગ્ર રાજકીય સિસ્ટમ પ્રત્યે જનતાનો વિશ્વાસ પુનઃ સ્થાપિત થાય તેના માટે આત્મનિરીક્ષણ કરવું જોઈએ, એવું મારું વિનમ્ર સૂચન છે.

સરકારે નૈતિક તાકાત ગુમાવી દીધી છે અને ફક્ત સંખ્યાબળના આધારે ટકી રહી છે.

યુપીએનું સંખ્યાબળ ઉત્તર પ્રદેશના બે મોટા પક્ષો – સમાજવાદી પક્ષ અને બહુજન સમાજ પાર્ટી પર આધારિત છે.

સિસ્ટમની કથળતી જતી હાલતને ધ્યાનમાં રાખીને તે બંને મોટા પક્ષોને મારી નમ્ર વિનંતી છે કે જનતાની ફરિયાદો અને પરિસ્થિતને ધ્યાનમાં લઈને યુપીએ સરકારનો ટેકો પાછો ખેંચી લેવો જોઈએ. નહિતર જે ભયજનક પરિસ્થિતિ સર્જાશે તેના માટે તે બંને પક્ષો પણ એટલા જ જવાબદાર ગણાશે.

યુપીએ સરકારની વિશ્વસનીયતા એટલી ઘટી ગઈ છે કે અશ્વિનીકુમાર અને પવન બંસલના રાજીનામાથી તે પુનઃ સ્થાપિત થાય એમ નથી.

સંસદમાં ઊઠતા અવાજની ગુંજ સરકારના બહેરા કાને પડતી ન હોવાથી ભાજપે હવે જનતા સુધી જવાનો નિર્ધાર કર્યો છે. ભાજપ આગામી 27મી મેથી બીજી જૂન દરમિયાન દેશવ્યાપી આંદોલન અને જનજાગૃતિ અભિયાન હાથ ધરશે. યુપીએ સરકારના ગેરવહિવટ, નિષ્ક્રીયતા અને વ્યાપક ભ્રષ્ટાચારના વિરોધમાં ભાજપ ધરણાઓ યોજશે અને જેલ ભરો આંદોલન પણ કરશે.

**<u>રાષ્ટ્રીય સુરક્ષા સામે જોખમ</u>**

યુપીએ સરકારે રાષ્ટ્રીય સુરક્ષાની બાબતમાં જે પરિસ્થિતિ સર્જી છે તે એટલી જ જોખમકારક છે. આપણી આંતરરાષ્ટ્રીય સરહદો પર વારંવાર ઘુસણખોરી થાય છે. તાજેતરમાં લદ્દાખના દૌલત બેગ ઓલ્ડી વિસ્તારમાં ચીનના લશ્કરી દળોની ઘુસણખોરી આ બાબતનું જ્વલંત ઉદાહરણ છે. છતાં રાજકીય દૃઢનિર્ધારના અભાવે ત્રણ સપ્તાહથી કોઈ નક્કર પગલાં લેવામાં આવી રહ્યા નથી. સરકાર હવે એવો દાવો કરી રહી છે કે ચીન સાથેની મડાગાંઠ ઉકેલાઈ ગઈ છે. જો કે પ્રસાર માધ્યમોમાં એવા અહેવાલ આવ્યા છે કે ગુપ્ત સોદાના ભાગરુપે ચીને તે વિસ્તારમાં સૈનિકોનું પ્રમાણ ઘટાડી નાખ્યું છે. અમે ચીનની બાબતમાં સરકારને સંપૂર્ણ નૈતિક ટેકો આપીએ છીએ.

વિદેશ પ્રધાન સલમાન ખુરશીદ ચીનની સત્તાવાર મુલાકાતે ગયા છે. તેઓ ચીનના સૈનિકોની આપણી સરહદમાં ઘુસણખોરીનો મુદ્દો ચીનના સત્તાવાળાઓ સમક્ષ ઊઠાવે એવી આશા હતી, પરંતુ નારાજગીજનક બાબત એ છે કે તેમણે રાજદ્વારી મંત્રણામાં તે વાત ઉચ્ચારી જ નહિ.

લદ્દાખમાં આવું કંઈ પહેલીવાર બન્યું નથી. સમગ્ર ચિત્રને વ્યાપક રીતે જોવાની જરૂર છે. ચીને પાકિસ્તાનના કબજા હેઠળના કાશ્મીરમાં પોતાના સૈન્યને તૈનાત કરવા પાકિસ્તાનના ગ્વાડર બંદરગાહનો વહિવટી કબજો લીધો છે. ચીન હજી અરૂણાચલ પ્રદેશના હિસ્સા પર પોતાનો દાવો કરે છે. ભાજપ યુપીએ સરકારની તે બાબતમાં નિષ્ફળતા અંગે ગંભીર ચિંતા વ્યક્ત કરે છે. ભારતના વ્યૂહાત્મક હિતોના રક્ષણ માટે અસરકારક રાજદ્વારી પગલાં લેવાની માગણી પણ ભાજપ કરે છે.

ચીન હોય કે પાકિસ્તાન, નેપાળ હોય કે શ્રીલંકા કે પછી માલદીવ બધા પડોશી દેશો સાથેના રાજદ્વારી સંબંધોમાં યુપીએ સરકારના શાસનકાળમાં ઘટાડો થયો છે.

એનડીએ સરકારના શાસનકાળમાં ભારતની વિદેશ નીતિ વ્યાપક અને સક્રિય હતી, એટલું જ નહિ તેમાં દીર્ઘદૃષ્ટિ અને આદર્શ પણ હતા. હવે યુપીએ સરકારે તે માળખાને સંપૂર્ણપણે નષ્ટ કરી નાખ્યું છે. જો યુપીએ સરકાર સત્તામાં વધુ સમય રહેશે તો સંરક્ષણ અને રાજદ્વારી ક્ષેત્રે નબળી નીતિઓને કારણે રાષ્ટ્રીય સુરક્ષા સામે મોટું જોખમ સર્જાશે. ખાસ કરીને 2014માં અફઘાનિસ્તાનમાંથી નાટોના દળો હટાવી લેવામાં આવે પછી ખુબ કફોડી પરિસ્થિતિ સર્જાવાનો ભય છે.

(ઓ.પી.કોહલી)

હેડક્વાર્ટર ઈન્ચાર્જ